# <u>ગરબાના સંચાલકોએ અમલમાં મુકવાના મુદ્દાઓ.</u>

(૧) લાઉડ સ્પીકર/માઈક કલાક ૨૪.૦૦ પછી પ્રતિબંધીત રહેશે. અવાજનું ધોરણ નામ.સુપ્રિમકોર્ટના આદેશ મુજબ જાળવવાનું રહેશે.

(૨) ગરબાના સ્થળે તથા પાર્કીગમાં પૂરતા પ્રમાણમાં ખાનગી સલામતીના માણસો રાખવાના રહેશે.

(૩) હોલ,પ્લોટની ક્ષમતા મુજબ જ પાસ/ટીકીટો ઈસ્યુ કરવાની રહેશે.

(૪) હેન્ડ મેટલ ડીટેકટર તથા ડોરફેમ મેટલ ડીટેકટર આવનાર પ્રેક્ષકોની સંખ્યા ધ્યાને લઈ પૂરતા રાખવાના રહેશે.

(૫) એન્ટી સબોટેજ ચેકીગની ચકાસણી માટે પોલીસને પૂરતો સહકાર આપવો પડશે.

(૬) સ્ત્રીઓ માટે પ્રવેશ તથા બહાર નીકળવાની એન્ટ્રી અલગ રાખવાની રહેશે.

(૭) ખાનગી સલામતીના માણસો રાખી ટ્રાફિક પોલીસને ટ્રાફીક નિયમન માટે મદદમાં રહી નિયમન જાળવવાનું રહેશે.

(૮) ગરબા સ્થળે કોઈ બેગ, બ્રીફકેસ વગેરે સાથે પ્રવેશ આપવો નહિ.

(૯) હોલ/પાટી પ્લોટ તથા પાર્કીગ સ્થળને સીસીટીવી કેમેરાના કવરેજમાં લેવાના રહેશે.

(૧૦) ફાયર બ્રીગેડ તથા વીજળી ખાતાની એન.ઓ.સી. લેવાની રહેશે.

(૧૧) સ્ટેજની મજબૂતીનું બાંધકામ વિભાગથી પ્રમાણપત્ર લેવાનું રહેશે.

(૧૨) સુરક્ષા સેતુંના બેનર લગાડવાના રહેશે.

(૧૩) જનરેટરની સગવડ તૈયાર રાખવાની રહેશે.

(૧૪) કાર્યક્રમની શરુઆત પહેલા ઉપરોકત જગ્યાની પૂરતા પ્રમાણમાં સફાઈ કામદાર રાખી સફાઈ કરવાની રહેશે.

(૧૫) કોઈ પણ બનાવ બને તેની જાણ લોકલ પોલીસ સ્ટેશનને કરવાની રહેશે.

(૧૬) પૂરતા પ્રમાણમાં મહિલા સીકયુરીટી ગાર્ડને પ્રવેશવાના તેમજ બહાર નીકળવાના દરવાજા ઉપર રાખવાના રહેશે.

(૧૭) આઈ.પી બેઝવાળા કેમેરા મોટા ગરબાના સ્થળે લગાડવાના રહેશે.